
# સાબરકાંઠામાં બારે મેઘ ખાંગા

## પ્રાંતિજમાં ૭, તલોદમાં ૫ અને હિંમતનગરમાં ૩ ઈંચ વરસાદ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા, તા. ૩ રાજ્યમાં સાર્વત્રિક મેઘ મહેર યથાવત રહેતા સાબરકાંઠા જિલ્લાના તેર તાલુકાઓમાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાવા પામ્યો છે. મેઘનું રૂદ્ર સ્વરૂપ યથાવત રહેવા પામ્યુ છે. આ સ્વરૂપના કારણે સમગ્ર જિલ્લાના અને રાજ્યના પણ ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ખેડૂતોએ પોતાની વર્ષ દરમ્યાન મહેનતથી ઉત્પન્ન કરેલી મુડી ચોમાસાની સિઝનને અનુરૂપ ખેતરમાં નાખી છે. અને પાકનો વળતર હવે તો મેઘરાજા ખેતરમાં ધાન્ય સ્વરૂપે વાળી આપે તેવી પ્રાર્થના ખેડૂત કરતો નજરે પડે છે.

સાબરકાંઠા જિલ્લાના તેર તાલુકામાં સર્વત્ર વરસી ગયેલા મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. જિલ્લાના પ્રાંતિજમાં - ૭, તલોદમાં - ૫, હિંમતનગરમાં - ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. હિંમતનગરમાં રાત્રી દરમિયાન ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો અને સાંજ સુધી ચાલુ રહ્યો હતો. ઉપરવાસમાં વધુ પડતા વરસાદના કારણે હિંમતનગર હાથમતી નદીમાં પાણી આવ્યું હતુ. ઉપરાંત શહેરની મધ્યમાંથી પસાર થતી ગુહાઈ જલાગાર યોજનાની કેનાલમાં પણ છલોછલ વહી રહી હતી. હાથમતી નદીમાં પાણી આવવાને કારણે મહેતાપુરા જવાનો બેઠાપુલ પરથી પાણી જઈ રહ્યું હોવાના કારણે બેઠોપુલ બંધ કરી દેવાયો હતો. છેલ્લા ચોવીસ કલાકમાં હિંમતનગર ખાતે આવેલ જિલ્લા ડિઝાસ્ટર કચેરીથી જાણવા મળ્યા મુજબ વરસાદના આંકડામાં બાયડમાં ૨૨, ભિલોડા-૨૬, ધનસુરામાં-૩૫, હિંમતનગરમાં-૮૭, ઈડરમાં-૧૮, ખેડબ્રહ્મામાં-૩૭, માલપુરમાં-૮, મેઘરજમાં-



૧૦, મોડાસામાં-૨૦.૫, વડાલીમાં-૯ અને વિજયનગરમાં-૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. હિંમતનગર ખાતેના સિંચાઈ કંટ્રોલ રૂમમાંથી જાણવા મળેલ કે જિલ્લામાં નાના મોટા ૧૩ ડેમમાં શનિવારે સવારની પરિસ્થિતિની વિગત મુજબ વાત્રક-૩૫૦ ક્યુસેક આવક, ગુહાઈ-૩૧૦૦ ક્યુસેક આવક, માઝુમ-૯૦૦ ક્યુસેક આવક, હરણાવ-૧૦૦ ક્યુસેક આવક, મેશ્વો-૬૦૦ ક્યુસેક આવક, વૈડી-૨૫ ક્યુસેક આવક, ખેડવા ૧૦૦ ક્યુસેક આવક, ઈન્દ્રાસી-૧૦૦ ક્યુસેક આવક, વારાણસી-૨૦૦ ક્યુસેક આવક અને ગોરઠીયા-૮૦૦૦ ક્યુસેક આવક નોંધાવા પામી હતી.

સાબરકાંઠા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં પડેલ વરસાદ ૨૪ કલાકમાં પ્રાંતિજમાં તથા તાલુકામાં ઠેર ઠેર તળાવો નદીઓ ઓવરફુલ થતા લોકોમાં મેઘરાજાની ધમાકેદાર પધરામણી થતા નદી તળાવો ઓવરફુલ થયેલા જોવા માટે દોડી ગયા હતા.

પ્રાંતિજ તથા તાલુકામાં ઠેર ઠેર મેઘરાજાની મેઘ મહેર થતાં શુક્રવારના ૬ થી શનિવારના ૬ વાગ્યા સુધીમાં ૭ ઈંચ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા અને મોસમનો કુલ ૨૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે એસ.ટી. ડેપોમાં પાણી ભરાતા એસ.ટી. સત્તાવાળાઓએ એસ.ટી. ડેપો છોડીને અપ્રોચ રોડ ઉપર દફતર લઈને આવી જવું પડયું હતું. અને એપ્રોચ રોડ ઉપર એકની પાછળ એક એસ.ટી. બસો ઉભી રાખવામાં આવી હતી. એસ.ટી. ડેપો પાસેથી પસાર થતો નાની ભાગોળ વિસ્તારનો રસ્તો પણ પાણી ભરાવાને કારણે બંધ થયો હતો. જયારે પ્રાંતિજમાં આવેલ ભાંખરીયા તળાવમાં પણ સાત વર્ષ પછી નવા નીર આવતા શહેરીજનો ભાખરીયા તળાવ પાસે દોડી આવ્યા હતા અને પ્રાંતિજ તાલુકાના ઓરાણનું તળાવ, વઠવાસાનું તળાવ, વદરાડ તળાવ, પલ્લાચરનું તળાવ, અમીનપુરનું તળાવ, પોગલું તળાવ વગેરે નાના મોટા તળાવો ઓવરફુલ થયા છે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૭ | ૩૨૬ |
| બાજરી | ૨૪૮ | ૨૮૪ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૯૩ |
| **સલાલ** | | |
| મગફળી | ૭૦૦ | ૮૨૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૫ |
| બાજરી | ૨૦૫ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |
| **પ્રાંતિજ** | | |
| એરંડા | ૬૪૦ | ૬૬૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૬ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૫૫ | ૬૬૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૩૫ | ૨૬૫ |
| ગવાર | ૮૦૦ | ૯૦૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૧૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૩૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૫ |
| એરંડા | ૬૪૫ | ૬૫૫ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ગવાર | ૭૦૦ | ૯૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૯૦ |
| તુવેર | ૫૩૦ | ૬૦૦ |
| જુવાર | ૨૮૫ | ૩૭૦ |
| રાયડો | ૫૫૦ | ૫૮૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૩૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૧ | ૩૨૧ |

| | | |
|---|---|---|
| ડાંગર | ૨૬૫ | ૨૮૫ |
| એરંડા | ૬૭૦ | ૬૮૦ |
| ગવાર | ૭૯૦ | ૯૪૦ |
| મકાઈ | ૨૫૦ | ૫૯૦ |
| જુવાર | ૨૮૦ | ૩૬૫ |
| રાયડો | ૫૪૦ | ૫૭૫ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૬૦૦ | ૮૦૦ |
| એરંડા | ૬૭૦ | ૬૮૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૧૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| ગવાર | ૭૫૦ | ૯૫૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૨૦ | ૩૩૫ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૩ |
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| બાજરી | ૨૪૫ | ૨૬૬ |
| મગફળી | ૬૦૦ | ૭૦૭ |
| ગવાર | ૮૫૫ | ૯૦૦ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૫૯૦ | - |
| એરંડા | ૬૭૩ | ૬૮૨ |
| ગવાર | ૧૦૦૧ | - |
| ઘઉં | ૩૦૦ | ૩૧૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૮ |
| જુવાર | ૨૭૬ | ૫૨૫ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૨૫૫ | ૩૨૫.૫૦ |
| બાજરી | ૨૦૦ | ૩૦૫ |
| એરંડા | ૬૬૨ | ૬૮૭.૫૦ |
| ગવાર | ૮૪૫ | ૧૦૭૫ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૫૬૦ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૩૧૪ | ૩૪૫ |
| એરંડા | ૬૬૩ | ૬૬૮ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૦૩૦ | ૨૫૧૫ |
| વરીયાળી | ૧૨૬૨ | ૧૪૨૫ |
| ઈસબગુલ | ૧૩૮૦ | - |
| રાયડો | ૫૭૫ | ૬૨૦ |
| તલ | ૧૭૭૧ | ૨૦૯૦ |



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકાના કટાવધામ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજયમંત્રી શ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ૬૪ મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ -સંગે મંત્રીશ્રીએ વૃક્ષોનો મહિમા સમજાવતાં જણાવ્યું હતુ કે આપણા ધર્મગ્રંથોમાં પણ વૃક્ષોને પવિત્ર માની તેનુ જતન કરવા જણાવેલ છે. તેમણે કહ્યું કે સજીવ સૃષ્ટિના અસતિત્વ માટે વૃક્ષો અનિવાર્યપણે જરૂરી છે ત્યારે વૃક્ષ ઉછેરની ગંભીરતા સમજી સૌએ સક્રિય અને સામુહિક યોગદાન વડે વિશાળ સંખ્યામાં વૃક્ષો ઉછેરવા જરૂરી છે. મંત્રીશ્રી પટેલે કહ્યું કે વૃક્ષ ઉછેરની -વૃતિ આનંદદાયક છે તે સાથે આયોજન કરી ખેડૂતો વાવે તો વૃક્ષ ઉછેર દ્વારા ખુબ સરસ આવક પણ મેળવી શકાય છે.

## ભિલોડામાં ૬૪માં વન મહોત્સવ નિમિત્તે પોલીસ ક્વાર્ટસમાં વૃક્ષારોપણ કરાયું

ભિલોડા, તા.૩ ભિલોડામાં ૬૪માંવન મહોત્સવ નિમિત્તે કાર્યક્રમ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પોલીસ ક્વાર્ટસ કંપાઉન્ડમાં યોજાયો. આ પ્રસંગે ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતલાલ બરંડા,સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય શુભેન્દ્રસિંહ સિસોદીયા, ભિલોડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, ભિલોડા તાલુકા પંચાયત ન્યાય સમિતી ચેરમેન પ્રવિણભાઈ ચેનવા, ડી.વાય. એસ.પી. આર.ડી.પટેલ, ભિલોડા મામલતદાર એ.કે.જોષી, ભિલોડા પી.એસ.આઈ. વી.યુ.ચાવડા, વન વિભાગના એન.બી.નાયી તેમજ ભિલોડા પોલીસ સ્ટેશન કોન્સ્ટેબલો, વન વિભાગના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષોનું મહત્વ વિશે પ્રાસંગીક પ્રવચન ઉપસ્થિત અગ્રણીઓએ કરેલ હતું.



રાજય કક્ષાનો ૬૪મા વન મહોત્સવનો -રંભ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જામનગર જિલ્લામાં આવેલી દેવભૂમિ દ્વારકા ખાતેથી કરાવ્યાનું જણાવી ગૃહ રાજયમંત્રીશ્રી રજનીભાઇ પટેલે રાજય સરકારના ગાંધીનગર ખાતે યોજાતાં કાર્યક્રમોને જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઉજવાતાં કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેક -સરી હોવાનું જણાવ્યુ હતું. ચાલુ વર્ષે સાબરકાંઠા જિલ્લાના તમામ ગામડાઓ તથા શાળાઓમાં વધુને વધુ વૃક્ષો વાવીને સાબરકાંઠાને હરિયાળો બનાવવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ. છોડમાં રણછોડની વિભાવનાને ચરિતાર્થ કરી -કૃતિનુ દોહન કરવુ જોઈએ નહીકે તેનુ શોષણ કરવુ જોઈએ એમ ભારપૂર્વક જણાવ્યુ હતું. જેને લઇ -કૃતિનુ જતન કરવા વન વિભાગે કટિબધ્ધ બનવા જણાવ્યુ હતું.

## સાબરકાંઠાના પેઢમાલા ગામે દીવાલ પડતા એક બાળકીનું મોત : બે ને ઈજા

સાબરકાંઠા, તા. ૩ જિલ્લાના હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે ગત શુક્રવારની રાત્રીના ૮ વાગ્યાના સુમારે ગામમાં રહેતા મુકેશભાઈ ધુળાભાઈ પરમાર પોતાના મકાનમાં પરિવાર સાથે જમવા બેઠા હતા. તે દરમ્યાન વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે અચાનક ઘરમાં માટીના ચણતરવાળી દીવાલ ધરાશાઈ થઈ ગઈ હતી. જેમાં જમવા બેઠેલ ૪ વર્ષીય ટ્વિંકલ અને ૯ વર્ષીય વિરલ બંને પર દીવાલ પડતા ટ્વિંકલને ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નિપજ્યું હતું અને મુકેશભાઈને શરીરે સામાન્ય ઈજા થવા પામી હતી જ્યારે વિરલને માથાના ભાગે અને જમણા હાથના ભાગે ઈજા થતા ૧૦૮ મારફતે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | - | - |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૫૦૦ | ૫૬૦ |
| રીંગણ | ૨૦૦ | ૭૦૦ |
| રવૈયા | ૫૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફુલાવર | ૨૦૦ | ૩૬૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૪૦ |
| દૂધી | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| ગીલોડા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૨૦ |
| આદુ | ૫૦૦ | ૧૨૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૬૦ |
| મરચા ધોલાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડા | ૪૦૦ | ૭૦૦ |
| ગવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૫૦૦ | ૯૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |

### અમદાવાદ ફ્રૂટ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સફરજન | ૬૦ | ૮૦ |
| ચીકુ | ૩૦ | ૬૦ |
| કેળા | ૨૦૦ | ૨૨૦ |
| નારંગી | ૪૦ | ૬૦ |
| મોસંબી | ૨૦ | ૩૦ |
| દાડમ | ૫૦ | ૧૦૦ |
| પપૈયા | ૨૦ | ૩૦ |
| નારિયેળ | ૯૦ | ૧૭૦ |
| પાઈનેપલ | ૨૮ | ૩૦ |
| દ્રાક્ષ લીલી | ૧૦૦ | ૧૨૦ |
| દ્રાક્ષ કાળી | ૧૫૦ | ૧૮૦ |
| ચેરી | ૧૫૦ | ૨૦૦ |
| ટેટી | ૨૦ | ૩૦ |
| રાસબરી | ૪૦ | ૬૦ |
| તડબુચ | ૧૦ | ૧૫ |
| કેરી તોતા | ૪૦ | ૫૦ |
| પીચ | ૪૦ | ૬૦ |
| ખારેક | ૨૦ | ૫૦ |
| આલુચા | ૪૦ | ૬૦ |
| નિલમ | ૩૦ | ૪૦ |

### અમદાવાદ ફૂલ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| ગુલાબ | ૧૦ | ૨૦ |
| ટગર | ૮૦ | ૧૦૦ |
| ડમરો | ૧૨ | ૧૫ |
| મોગરો | ૨૫૦ | ૩૦૦ |
| પારસ | ૧૮૦ | ૨૦૦ |
| લીલી | ૩ | ૪ |
| હજારીગલ | - | - |
| ડેઝી(૨૦કિલો) | - | - |
| ઝીનીયા | ૧૦૦ | ૧૪૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601